## સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા

## અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના આંકડા મદદનીશ તથા સંશોધન મદદનીશની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા

**તા :– ૦૮/૦૯/૨૦૨૧** **પ્રશ્નપત્ર – ૨** **બેઠક નંબર :–.......**

**સમય :– ૧૪: ૦૦ થી ૧૬:૦૦** **SET- D** **કુલ ગુણ :– ૧૦૦**

**1 અરજદાર મૂળ પહોંચ ખોવાય ગઈ છે તે કારણથી ડુપ્લિકેટ પહોંચ આપવા વિનંતી કરે છે,આપી શકાય?**

A આપી શકાય.
B ફોટો કોપી આપી શકાય.
C રકમ મળી છે તેવું પ્રમાણપત્ર આપી શકાય
D અફિડેવિટ મેળવીને આપી શકાય.

**2 મોટર સાઇકલની પેશગી કોણ મંજૂર કરી શકે?**

A ખાતાના વડા અથવા વહીવટી વિભાગ
B બેંક મનેજર
C કચેરીના વડા
D કેશિયર

**3 માહિતીની વ્યાખ્યા મુજબ નીચેના પૈકી કઈ બાબતનો માહિતીમાં સમાવેશ થતો નથી?**

A ફાઈલની નોંધો
B વાહનની લોગબુક
C ઈ-મેઈલ
D અરજદારે પૂછેલ પ્રશ્નોના જવાબો

**4 એક સરકારી કર્મચારીનો પુત્ર પોતાની યોગ્યતાના આધારે તે સરકારી કર્મચારીને સરકારી કામકાજનો સંબંધ હોય તેવી કંપનીમાં નોકરી માટે પસંદગી પામે તો આ સંજોગોમાં સરકારી કર્મચારીએ શું કરવું જોઈએ?**

A પુત્રએ નોકરી સ્વીકાર્યાની સરકારને જાણ કરવી.
B પુત્રની નોકરી સ્વીકારવાની બાબતે સરકારની પૂર્વમંજૂરી મેળવવી.
C તે કંપની સાથે સંબંધ ન રાખવો.
D ઉપરના પૈકી એકેય નહિ.

**5 ખાતાના વડાની કચેરી માટે કાયમી પેશગી(Permanent Advance) કોણ મંજૂર કરે છે?**

A એકાઉન્ટન્ટ જનરલશ્રી
B હિસાબ અને તિજોરી નિયામકશ્રી.
C ખાતાના વડાની કચેરી માટે કાયમી પેશગી સચિવાલયનો વહીવટી વિભાગ મંજૂર કરે છે.
D તિજોરી અધિકારીશ્રી.

**6 શિસ્ત અધિકારીની વ્યાખ્યા મુજબ નીચેના પૈકી કયા સત્તાધિકારી શિસ્ત અધિકારી છે?**

A જેને અપીલ કરવાની છે તે અધિકારી
B ખાતાકીય તપાસ માટે નિમણૂંક થયેલ તપાસ અધિકારી
C ખાતાકીય તપાસમાં સરકાર પક્ષે રજુઆત કરવા નીમેલ રજુઆત અધિકારી
D શિક્ષા કરવાની સત્તા હોય તે અધિકારી

**7 નાણાકીય વર્ષના અંતે નિયત અનુદાનમાં બચત રહેતી હોય તે કારણસરજ કચેરીના વડા વધારાનું ફર્નિચર ખરીદી શકે?**

**A** ના,ન ખરીદી શકે.

**B** ખાતાના વડા ખાસ કિસ્સામાં મંજૂર કરી શકે?

**C** ભવિષ્યમાં જરૂર પડશે તેમ માનીને ખરીદી શકે.

**D** નવી જગાઓ મંજૂર થશે તેમ માનીને ખરીદી શકે.

**8 નાગરિક સહકારી બેંકના સભ્ય તરીકે સરકારી કર્મચારી નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ કરી શકે?**

**A** બેંકના વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ઉમેદવારી કરવી

**B** બેંકના વ્યવસ્થાપક મંદળની ચૂંટણીમાં પ્રચાર કરવો.

**C** મતદાન કરવું

**D** ઉમેદવારના એજન્ટ થવું

**9 નિયમ-૧૧ માં કઈ બાબતની જોગવાઈ છે?**

**A** રાજ્ય સેવામાં નિમણૂંક અંગેની

**B** અજમાયશી સમય અંગેની

**C** બઢતી માટે લઘુત્તમ સમય અંગેની

**D** બઢતીથી નિમણૂંક અંગેની

**10 પગાર બિલ ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે?**

**A** For mGT.R૩૫માં.

**B** For mGT.R૩૦માં

**C** For mGT.R૪૪માં

**D** For mGT.R૪૫માં.

**11 ડીમ્ડ સસ્પેન્શન ક્યારથી અમલમાં આવે છે?**

**A** સરકારી કર્મચારી ફોજદારી ગુનાના તહોમત હેઠળ ૪૮ કલાકથી વધારે અટકાયત હેઠળ હોય ત્યારે અટકાયતની તારીખથી

**B** ફરજ મોકુફીના હુકમની તારીખથી

**C** (A) અને (B) બંને

**D** (A) અને (B) પૈકી એકેય નહિ

**12 તપાસ અધિકારી તપાસ અહેવાલમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ કરી શકે નહિ?**

**A** પુરાવાનું મુલ્યાંકન

**B** રજુઆત અધિકારીની રજુઆત

**C** આરોપો અંગે તપાસ અધિકારીનાં તારણો

**D** સાબિત ગણેલ આરોપો અંગે શિક્ષાનું સૂચન

**13 તાબાની કચેરીઓ માટે કાયમી પેશગી(Per manent Advance) કોણ મંજૂર કરે છે?**

**A** એકાઉન્ટન્ટ જનરલશ્રી.

**B** પગાર અને હિસાબ અધિકારીશ્રી.

**C** ખાતાના વડા.

**D** તિજોરી અધિકારીશ્રી.

**14 અરજદાર વ્યક્તિએ અન્ય સરકારી કર્મચારીના ખાનગી અહેવાલની નકલ મેળવવા અરજી કરે તો જાહેર માહિતી અધિકારીએ કેવી કાર્યવાહી કરવાની રહે છે?**

A અન્ય કર્મચારીના ખાનગી અહેવાલ આપી શકાય નહિ

B માહિતી અધિકાર અધિનિયમની કલમ-૮(૧)(ઈ) મુજબ માહિતી પુરી પાડવાનો ઈન્કાર કરવો

C માંગેલ માહિતી અંગે નકલ ફીની રકમ લઈ પુરી પાડવી

D માંગેલ માહિતી "ત્રાહિત પક્ષકાર" ને સંબંધિત હોઈ કલમ-૧૧ હેઠળની ત્રાહિત પક્ષકારને લગતી પ્રક્રિયા અનુસરીને નિર્ણય લેવો.

**15 નીચેના પૈકી કઈ બાબતનો કામ કરતી મહિલાઓની જાતીય સતામણીમાં સમાવેશ થાય છે ?**

A મહિલા કર્મચારીને સોંપેલા કામ માટે અધિકારી દ્વારા પુછપરછ

B મહિલા કર્મચારીને સમયપાલન માટે ટકોર કરવી.

C મહિલા કર્મચારીની હાજરીમાં અશ્લીલ વાત કરવી.

D ઉપરના પૈકી એકેય નહિ.

**16 આકસ્મિક ખર્ચના નિયંત્રણ અધિકારીને જણાય કે આકસ્મિક ખર્ચમાં મોટો વધારો થયેલ છે ત્યારે તેઓ ઉપાડ અધિકારીને ખર્ચ નિયંત્રણમાં રાખવા જણાવી શકે?**

A હા,જણાવી શકે.

B ફક્ત માર્ચ માસમાંજ જણાવી શકે.

C મળેલ ગ્રાંન્ટ પૂરી કરવી હોયતો ન જણાવી શકે.

D ના, ન જણાવી શકે.

**17 જાહેર સેવક દ્વારા ગેરકાયદેસર અવેજ કે તોષણ મેળવવાના સંબંધમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ ની કઈ કલમમાં જોગવાઈ છે?**

A કલમ-૭

B કલમ-૧૩

C કલમ-૧૪

D કલમ-૧૯

**18 જમીન મહેસૂલની આવકનો સમાવેશ ક્યા ફંડમાં થાય છે?**

A આકસ્મિક ફંડમાં.

B એકત્રિત ફંડ-સંચિત નિધિ(Consolidated Fund)માં.

C જાહેર હિસાબ(Public Account)માં.

D દેવા નાબૂદી ફંડ.

**19 આક્ષેપિત અધિકારી ફરજ પરથી અનધિકૃત ગેરહાજર હોય અને તેનો પત્તો જ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો અનુસાર કેવી કાર્યવાહી કરવાની રહે છે?**

**A** નિયમ-૯ અને ૧૦ મુજબની
**B** નિયમ-૧૧ મુજબની
**C** એકપક્ષીય કાર્યવાહી
**D** નિયમ ૧૪(૨) મુજબની

**20 કચેરીના વડાએ દર વર્ષે ખરેખર સ્ટોકની-ડેડ્સ્ટોકની ચકાસણી ક્યારે કરવાની છે?**

**A** કોઇ પણ માસમાં ચકાસણી થઈ શકે.
**B** જૂન માસમાં.
**C** મે માસમાં
**D** દર વર્ષે ચકાસણી જરૂરી નથી

**21 ગુજરાત ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ,૧૯૭૧ના નિયમ-૧૧ હેઠળની કાર્યવાહીમાં નીચેના પૈકી કઈ બાબત આવશ્યક અને અનિવાર્ય નથી?**

**A** આરોપનામું
**B** બચાવનામું
**C** તપાસ અહેવાલ
**D** શિક્ષાનો હુકમ

**22 ડેડ સ્ટોક રજિસ્ટર ક્યા ફોર્મમાં નિભાવવાનું છે?**

**A** મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો,૧૯૫૯ના ફોર્મ નં ૮માં.
**B** મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો,૧૯૫૯ના ફોર્મ નં ૧૦માં
**C** મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો,૧૯૫૯ના ફોર્મ નં ૬માં
**D** કોઇ પણ નમૂનામાં નિભાવી શકાય.

**23 Abstract Bill -ઊચક બિલ ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે?**

**A** Form GT.R29માં.
**B** Form GT.R30માં.
**C** Form GT.R૪૪માં.
**D** Form GT.R૪૫માં.

**24 સતત પ્રવાસના કારણે સરકારી આવક બે દિવસમાં તિજોરીમાં જમા કરાવવામાં મુશ્કેલી પડતી હોવાથી, આવક જમા કરાવવાનો સમય ૧૫ દિવસનો કરવા કચેરીના વડા ખાતાના વડાને મંજૂરી આપવા દરખાસ્ત કરે છે, દરખાસ્ત યોગ્ય છે?**

**A** દરખાસ્ત યોગ્ય છે.
**B** ૧૦ દિવસનો સમય રાખી શકાય
**C** ૧૨ દિવસનો સમય રાખી શકાય
**D** ખાતાના વડા વધુમાં વધુ ૭ દિવસનો સમય રાખી શકે

**25 કલમ-૧૯ હેઠળ જાહેર માહિતી અધિકારીના નિર્નય સામે નિર્ણય મળ્યાની તારીખથી પ્રથમ અપીલ કરવાની સમય મર્યાદા કેટલી છે?**

**A** ત્રીસ દિવસ
**B** પિસ્તાલીસ દિવસ
**C** નેવું દિવસ
**D** ત્રીસ દિવસ પછી ગમે ત્યારે

**26 સરકારી આવક કેટલા દિવસમાં તિજોરીમાં જમા કરાવવી જોઇએ?**

**A** મોડામાં મોડા પછીના કામકાજના બે દિવસમાં
**B** કામકાજના ૧૧ દિવસમાં
**C** કામકાજના ૧૦ દિવસમાં
**D** કામકાજના ૧૪ દિવસમાં

**27 તિજોરી અધિકારી વિગતવાર આકસ્મિક ખર્ચના બિલ મુજબ મળેલ માલ સામાન સારી હાલતમાં મળેલ છે તેમજ તેને યોગ્ય રજિસ્ટરમાં જમા લીધાનું પ્રમાણપત્ર ન હોવાથી બિલ ઉપાડ અધિકારીને પરત કરે છે, તિજોરી અધિકારીનો નિર્ણય યોગ્ય છે?**

**A** બિલ પાસ કરી શકાય.
**B** નિયંત્રણ અધિકારીની ભલામણથી બિલ પાસ કરી શકાય.
**C** તિજોરી અધિકારીનો નિર્ણય યોગ્ય છે.
**D** બિલ ઉપર ખાતાના વડાની પ્રતિસહી હોય તો પાસ કરી શકાય.

**28 ૬ માસની જરૂરિયાત જેટલી રકમનું ઊચક બિલ(તારીજ બિલ) ઉપાડ અધિકારીશ્રી દ્વારા તિજોરીમાં રજૂ કરવામાં આવે છે, તિજોરી અધિકારી બિલ પાસ કરશે?**

**A** એક માસની જરૂરિયાત જેટલીજ રકમનું બિલ મળવા પાત્ર છે. બિલ પરત કરશે
**B** ખાસ કિસ્સા તરીકે તિજોરી અધિકારી બિલ પાસ કરશે
**C** તિજોરી અધિકારી બિલ ખાતાના વડાને મોકલી આપશે
**D** ૪ માસની જરૂરિયાત જેટલીજ રકમનું બિલ મળવા પાત્ર છે.

**29 કાયમી પેશગી (Permanent Advance)માંથી કેટલી રકમ સુધીના વાઉચરનું ચુકવણું થઈ શકે?**

**A** રૂ.૨૦૦ સુધીના
**B** રૂ.૧૦૦ સુધીના
**C** રૂ.૫૦૦ સુધીના
**D** રૂ.૧૦૦૦ સુધીના.

**30 ગુજરાત તિજોરી નિયમો,૨૦૦૦, મુજબ બિલ એટલે શું?**

**A** બહાર પાડવામાં આવેલ નિવિદા.
**B** ઠેકેદારને આપવામાં આવેલ ચેક.
**C** વેપારી તરફથી ભરવામાં આવતું ચલણ.
**D** સરકાર સામેની માગણીનું પત્રક.

**31 બિન રાજપત્રિત કર્મચારીના પગારબિલ, Form GTR-30f માં ટોટલ કોને ચેક કરવા જોઇએ?**

**A** બિલ બનાવનાર કેશિયરે.
**B** ગ્રાન્ટ આપનાર નિયંત્રણ અધિકારીએ.
**C** બેંક મેનેજરે.
**D** ઉપાડ અધિકારી અથવા પગાર બિલ તૈયાર કરનાર કર્મચારી સિવાયના કોઇ જવાબદાર કર્મચારી.

**32 બિન પેન્શન પાત્ર વર્ગ-૪ના કર્મચારી જેવાકે ઝાડુવાળા, ધોબી, દરજી, ખાસદાર(Syces-Horse Keeper), માળી વગેરેના પગાર, પગાર તરીકે Form GTR-30 ના પગાર બિલમાં આકારી શકાય?**

**A** હા,આકારી શકાય.

**B** ખાતાના વડા ખાસ કિસ્સામાં મંજૂરી આપેતો આકારી શકે.

**C** કર્મચારીની ઉંમર ૪૦વર્ષ કે તેથી વધુ હોય તો આકારી શકાય.

**D** ના, આકારી શકાય.

**33 એક સરકારી કર્મચારીને તેનો પુત્ર જે કંપનીમાં નોકરી કરે છે તે કંપનીમાંથી માલસામાન ખરીદવાનો થાય છે. અધિકારીએ શું કરવું જોઈએ?**

**A** ટેન્ડર પ્રક્રિયા અનુસરીને ખરીદી કરવી

**B** તે કંપની પાસેથી માલસામાન ન લઈ શકાય

**C** પુત્રની તે કંપનીમાં નોકરીની જાણ કરી માલસામાન ખરીદવો

**D** ખરીદીની સમગ્ર પ્રક્રિયામાં તે અધિકારીએ ભાગ ન લેવો.

**34 માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે માહિતી જાહેર કરવામાંથી મુક્તિ અંગેની જોગવાઈ કઈ કલમ હેઠળ કરવામાં આવેલ છે.?**

**A** કલમ-૭

**B** કલમ-૮

**C** કલમ-૧૦

**D** કલમ-૧૧

**35 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ -૧૯૮૮ હેઠળના ગુના અન્વયેની ફોજદારી ફરિયાદ માંડવા માટે સત્તાધિકારીની પૂર્વમંજૂરી આપવા અંગે નીચેના પૈકી કયું વિધાન સાચું છે?**

**A** પૂર્વમંજૂરી આપતા પહેલાં આરોપીને સાંભળવાની તક આપવી

**B** લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની ભલામણ સ્વીકારી લેવાની જ રહે છે.

**C** લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો કે અન્ય તપાસ એજન્સી તરફથી રજુ થયેલ વિગતો, ઉપલબ્ધ રેકર્ડ, પુરાવા અન્વયે સક્ષમ સત્તાધિકારીએ Application of mind કરીને મંજૂરી આપવા કે ન આપવાનો નિર્ણય લેવો.

**D** આ એક ન્યાયિક પ્રક્રિયા છે.

**36 ખાતાકીય તપાસ ક્યારે શરૂ થઈ કહેવાય?**

**A** તપાસ અધિકારી નિમણૂંક કર્યાની તારીખથી

**B** તપાસ અધિકારી સક્ષમ સુનાવણી શરૂ થયાની તારીખથી

**C** આરોપનામું બજાવ્યાની તારીખથી

**D** પ્રાથમિક તપાસ કર્યાની તારીખથી

**37 કુદરતી ન્યાય (Natural Justice) બાબતમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**

**A** કુદરતી રીતે ન્યાય કરવો

**B** પુરાવાના આધારે ન્યાય કરવો

**C** બચાવની વાજબી અને પુરતી તક આપવી

**D** આખરી હુકમ સ્વયં પર્યાપ્ત કારણો સાથેનો કરવો

**38 ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ ના નિયમ ૩(૧) (૧) મુજબ સરકારી કર્મચારીએ હંમેશા.......**

**A** કચેરીએ નિયમિત સમયસર આવવું

**B** સરકારી કર્મચારીને છાજે નહીં તેવું કશું કરવું નહિ.

**C** સંપૂર્ણપણે પ્રામાણિક રહેવું

**D** ફરજ પ્રત્યે નિષ્ઠા રાખવી

**39 કેશબુકમાં કેશ વ્યવહારો ઉપરાંત, ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ મળેલ હોય તો પણ તેની નોંધ કેશબુકમાં કરવી જરૂરી છે?**

**A** જરૂરી નથી.

**B** વિવેકબુદ્ધિ મુજબ ઉપાડ અધિકારી નિર્ણય લઈ શકે.

**C** ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ મળેલ હોય તો પણ તેની નોંધ કેશબુકમાં કરવી જરૂરી છે.

**D** ખાતાના વડાની મંજૂરીથી ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટની નોંધો બાકાત રાખી શકાય.

**40 Detailed Bill for Contingent charges(Not in response to Abstract bill).વિગતવાર આકસ્મિક ખર્ચનું**

**બિલ (ઊચક બિલના અનુસંધાનમાં નહીં) ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે?_**

**A** Form GT.R29માં.

**B** Form GT.R30માં.

**C** Form GT.R૪૪માં.

**D** Form GT.R૪૫માં. _

**41 ગુજરાત ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ,૧૯૭૧ અન્વયે મોટી શિક્ષા કરવાની પધ્ધતિ કયા નિયમોમાં છે?**

**A** નિયમ-૬

**B** નિયમ- ૯ અને ૧૦

**C** નિયમ-૧૧

**D** નિયમ-૧૧ (ક)

**42 અરજદારની માહિતી મેળવવા કરેલ વિનંતીની તારીખ અગાઉના કેટલા વર્ષ સુધીની માહિતી આપવાની રહે છે?**

**A** પાંચ વર્ષ

**B** દસ વર્ષ

**C** પંદર વર્ષ

**D** વીસ વર્ષ

**43 કેશબુક રોજે રોજે લખવામાં સમય જતો હોવાથી, અઠવાડિયામાં એકજ વખત કેશબુક લખવાનું ધોરણ રાખવાની સલાહ કેશિયર ઉપાડ અધિકારીને આપે છે, સલાહ યોગ્ય છે?**

**A** સલાહ યોગ્ય છે

**B** વિવેકબુદ્ધિ મુજબ ઉપાડ અધિકારી નિર્ણય લઈ શકે

**C** ત્રણ દિવસે એક વાર કેશબુક લખાવી જોઇએ

**D** નિયમિત કેશબુક લખાવી જોઇએ

**44 ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ ભારતના બંધારણની કઈ જોગવાઈ હેઠળ ઘડવામાં આવેલ છે.?**

**A** અનુચ્છેદ-૩૧૧

**B** અનુચ્છેદ-૩૦૯

**C** અનુચ્છેદ-૩૨૦

**D** અનુચ્છેદ-૩૧૫

**45 અરજદારે માંગેલ માહિતી વ્યક્તિની જિંદગી અથવા સ્વતંત્રતાને સંબંધિત હોય તો જાહેર માહિતી અધિકારીએ કેટલા સમયમાં માહિતી પુરી પાડવાની રહે છે?**

**A** ૨૪ કલાકમાં

**B** ૪૮ કલાકમાં

**C** ત્રીસ દિવસમાં

**D** ત્રણ દિવસમાં

**46 નામ.હાઈકોર્ટ દ્વારા સરકારની ફીક્સ પગારની નીતિ પરત્વે નારાજગી વ્યક્ત કરી, તે બાબતે પુનર્વિચારણા કરવા સરકારને આદેશ આપવામાં આ.વેલ છે. આ સંદર્ભમાં સરકારી કર્મચારીનું નીચેના પૈકી કયું કૃત્ય શિસ્તભંગ ગણાશે?**

**A** સરકારને પગાર વધારા માટે આવેદન આપવું

**B** પગાર વધારા માટે અરજી કરવી

**C** સરકારની નીતિનો વિરોધ  કરવા હડતાલનો આશરો લેવો

**D** ઉપરના પૈકી બધી જ બાબતો.

**47 પુસ્તકોની ખરાદીનો  સમાવેશ આકસ્મિક ખર્ચમાં થઈ શકે?**

**A** ના, ન થઈ શકે.

**B** હા, થઈ શકે.

**C** ખાતાના વડાનો હુકમ હોયતોજ  થઈ શકે.

**D** બાંધકામ ખાતાને આકસ્મિક ખર્ચ પેટે ગ્રાન્ટ મળેલ હોય તો જ થઈ શકે.

**48 કોઈ સેવામાં વર્ગ-૧ ની નીચલી જગ્યા ઉપરથી વર્ગ-૧ની ઉપરની જગ્યા બઢતી માટે કેટલો લઘુત્તમ અનુભવ નિયત કરવામાં આવેલ છે?**

**A** ત્રણ વર્ષ

**B** પાંચ વર્ષ

**C** સાત વર્ષ

**D** અગિયાર વર્ષ

**49 સરકારી કર્મચારી સક્ષમ સત્તાધિકારીની પૂર્વમંજૂરી સિવાય કઈ પ્રવૃત્તિ કરી શકે નહિ?**

**A** સંપૂર્ણ સાહિત્યિક, કલા વિષયક કે વૈજ્ઞાનિક પ્રકારનો લેખ પ્રસિધ્ધ કરવો.

**B** સરકારી કર્મચારીઓના મંડળના હોદ્દેદાર તરીકે સરકારી કર્મચારીઓની નોકરીની શરતો માટે આપેલ નિવેદન

**C** પોતાની ફરજો યોગ્ય પાલમ કરતી વખતે સરકારની નીતિઓની ટીકા કરતું નિવેદન

**D** કેન્દ્ર સરકાર સાથેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરનારી હકીકત કે મંતવ્ય

**50 રૂ.૧૦૦૦/- સુધીના પેટા વાઉચરો કે જે આકસ્મિક ખર્ચના બિલ સાથે જોડેલ નથી તે વાઉચરોની બાબતમાં છેતરપિંડી અટકાવવા ઉપાડ અધિકારીએ શું કાર્યવાહી કરવી જોઇએ?**

**A** આવા પેટા વાઉચરો બેંકને મોકલી આપવા જોઇએ

**B** આવા પેટા વાઉચરો તિજોરી અધિકારીને અલગ પત્રથી મોકલી આપવા જોઇએ.

**C** પસ્તી ગણીને વચાણ કરવું જોઇએ.

**D** રબર સ્ટેમ્પથી રદ કરવા અથવા લાલ શાહીથી શેરો કરી રદ _ કરવાં.

**51 સરકારી કામકાજ સાથે સંબંધ ન હોય તેવા નજીકના સગા સંબંધીઓ સિવાયની વ્યક્તિ સાથે નીચેના પૈકી કયો વ્યવહાર કરી શકે?**

**A** મફત વાહનની સગવડ

**B** અતિશય ખર્ચાળ આતિથ્ય

**C** મફત રહેઠાણ

**D** ભોજન લેવાનું કે વાહનમાં બેસવાનું પ્રાસંગિક આતિથ્ય

**52 નીચેના પૈકી કઈ શિક્ષા "નાની શિક્ષા" છે?**

**A** લિખિત ચેતવણી

**B** ફરજ મોકુફી

**C** ઈજાફો અટકાવવો

**D** નીચલી પાયરીએ ઉતારવું

**53 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ -૧૯૮૮ ની કઈ કલમ અન્વયે લાંચ આપનારના નિવેદન પરથી આરોપી વિરુધ્ધ કાર્યવાહી થઈ શકે નહીં?**

**A** કલમ-૧૩

**B** કલમ-૧૯

**C** કલમ-૨૨

**D** ઉપર પૈકી એકેય નહિ

**54 ગુજરાત તિજોરી નિયમો,૨૦૦૦, મુજબ વાઉચર એટલે શું?**

**A** બહાર પાડવામાં આવેલ નિવિદા.

**B** બેંકમાંથી મળેલ કોરી ચેકબુકનું પાન.

**C** વેપારી તરફથી ભરવામાં આવતું ચલણ.

**D** બિલ કે ચેક કે જેની ચુકવણી ચેક કે કેશથી કરવામાં આવેલ હોય અને તે મુજબ સ્ટેમ્પ લગાવેલ હોય.

**55 કોઈ ઉમેદવાર સીધી પસંદગી વર્ગ-૧ અથવા વર્ગ-૨ ની જગ્યા પર નિમણૂંક પામે તો કેટલા સમય માટે અજમાયશ પર રાખવાનો રહે છે?**

A છ માસ

B એક વર્ષ

C બે વર્ષ

D નિમણૂંક અધિકારી ઠરાવે તેટલો સમય

**56 પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય ત્યારે બંનેને મકાન પેશગી મળી શકે છે?**

A હા

B બેમાંથી એકનેજ મળવાપાત્ર થશે

C બંનેને ૫૦%-૫૦% મળી શકે

D કોઇને પણ ન મળી શકે

**57 સર્વિસ પોસ્ટેજ સ્ટેમ્પનું બિલ ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે?**

A For mGT.R29માં

B For mGT.R30માં

C For mGT.R૪૬માં

D For mGT.R૪૮માં.

**58 સરકારી કર્મચારીએ નીચેના પૈકી કયા વ્યવહાર બાબતે સરકાર/સક્ષમ સત્તાધિકારીની પૂર્વમંજૂરી મેળવવાનું જરૂરી નથી ?**

A વાણિજ્યિક સહકારી મંડળીના રજીસ્ટ્રેશન કે વહીવટમાં ભાગ લેવા માટે

B સામાજીક સખાવતી પ્રકારનું માનદ કામ કરવા માટે

C પત્ની કે કુટુંબીજનના ધંધા માટે નાણાંની સગવડ કરી આપવા માટે

D અખબારમાં લેખ લખવા માટે

**59 મકાન પેશગી અને વાહન પેશગી ઉપર સામાન્ય સંજોગોમાં કેવું વ્યાજ લેવામાં આવે છે?**

A ચક્રવૃદ્ધિ વ્યાજ

B સાદું વ્યાજ

C રેપોરેટ મુજબ

D બેંકરેટ મુજબ

**60 નીચેના પૈકી કઈ વ્યક્તિ કુટુંબની વ્યાખ્યામાં આવતી નથી?**

A સરકારી કર્મચારીથી અલગ રહેતી પત્ની

B વૃધ્ધ માતા

C કાયદેસરના છૂટાછેડા લીધેલ પત્ની

D ૨૫ વર્ષની પુત્રી

**61 ચૂંટણીની ફરજો બજાવતી વખતે એક સરકારી કર્મચારી કેટલાક મતદારોને અમુક ઉમેદવારને મત આપવા સમજાવે છે, જો કે તેઓ તે પ્રમાણે કરતા નથી. આ સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**

A મત આપવા સમજાવી શકે

B આ બાબત તેમની સોંપાયેલ કામગીરીનો ભાગ છે.

C રાજકારણમાં ભાગ લેવા બદલ શિસ્તભંગની કાર્યવાહી થઈ શકે.

D સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવીને આવું કરી શકાય.

**62 રાજ્ય સેવામાં નીચેના પૈકી કઈ રીતે નિમણૂંક કરી શકાય?**

- **A** માત્ર સીધી પસંદગીથી
- **B** માત્ર બઢતીથી
- **C** બદલીથી
- **D** ઉપરની બધી રીતે

**63 રાજ્ય માહિતી પંચના મુખ્ય માહિતી કમિશ્નરના હોદ્દાની મુદત કેટલી છે?**

- **A** ત્રણ વર્ષ
- **B** પાંચ વર્ષ
- **C** પાંચ વર્ષ અથવા પાંસઠ વર્ષની વય થાય એ બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી
- **D** સાત વર્ષ અથવા પાંસઠ વર્ષની વય થાય તે બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી

**64 કોરી કેશબુક સરકારી પ્રેસમાં ઉપલબ્ધ નથી જેથી કોરા પાનામાં કેશબુક શરુ કરવા કેશિયર ઉપાડ અધિકારીને સલાહ આપે છે, સલાહ યોગ્ય છે?**

- **A** સલાહ યોગ્ય છે
- **B** અન્ય બાઈન્ડ બુકમાં કેશબુક લખવી જોઇએ
- **C** કેશબુક નિયત ફોર્મમાં,ગ્રંથમાં બાંધેલો અને તેના પાના નંબર મશીનથી અપાયેલા હોવા જોઇએ
- **D** કેશબુક લખવી ફરજિયાત નથી

**65 પ્રવાસ ભથ્થાનું બિલ ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે?**

- **A** Form GT.R૩૫માં.
- **B** Form GT.R૩૦માં.
- **C** Form GT.R૪૪માં
- **D** Form GT.R૪૫માં

**66 આકસ્મિક નિધિનો હેતું શું છે?**

- **A** સરકારશ્રી કે વિધાનમંડળની મંજૂરી વગર કચેરીના વડા ખર્ચ કરી શકે તે માટે.
- **B** કચેરીના ટેલિફોન બિલ.વિજળી બિલ વગેરે પ્રકારનું આકસ્મિક ખર્ચ કરવા માટે.
- **C** અણધાર્યા અને આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે.
- **D** વિધાન સભાના સભ્યોના પગાર ભથ્થાં ચૂકવવા માટે.

**67 અનામત ફંડ,થાપણો,પ્રોવિડન્ટ ફંડ અને પેશગીઓનો સમાવેશ ક્યા ફંડમાં થાય છે?**

- **A** આકસ્મિક ફંડ.
- **B** એકત્રિત ફંડ-સંચિત નિધિ(Consolidated Fund)માં.
- **C** જાહેર હિસાબ(Public Account)માં.
- **D** દેવા નાબૂદી ફંડ.

**68 કચેરીના વડાએ દર વર્ષે ખરેખર સ્ટોકની-ડેડ્સ્ટોકની ચકાસણી કરી તેનું પ્રમાણપત્ર કોને મોકલવાનું**

- **A** જિલ્લા માહિતી અધિકારીને.
- **B** જિલ્લા કલેકટરશ્રીને.
- **C** સરકારશ્રીના વહીવટી વિભાગને.
- **D** ખાતાના વડાને.

**69 ભષ્ટાચાર નિવારણ અધિનિયમ -૧૯૮૮ અન્વયે નીચેની વ્યક્તિઓ પૈકી કઈ વ્યક્તિનો સમાવેશ જાહેર સેવકમાં થતો નથી?**

**A** જિલ્લા પંચાયતના કર્મચારી

**B** રાજ્યસરકાર હસ્તકના બોર્ડના કર્મચારી

**C** પ્રાઈવેટ લીમીટેડ કંપનીના કર્મચારી

**D** ન્યાયની કોર્ટે નીમેલ લીક્વીડેટર

**70 Detailed Bill (Not payable at the treasury) in response to Abstract Bill.ઊચક બિલનું વિગતવાર બિલ(તિજોરી ખાતે ચૂકવવા પાત્ર નથી) ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે?**

**A** Form GT.R29માં.

**B** Form GT.R30માં.

**C** Form GT.R૪૬માં

**D** Form GT.R૪૫માં

**71 નવી શરૂ થયેલ કચેરી લેખન સામગ્રી કઈ રીતે મેળવશે?**

**A** ઉદ્યોગ કેન્દ્ર પાસેથી.

**B** પ્રથમ વર્ષ દરમિયાન સ્થાનિક બજારમાંથી.

**C** વહીવટી વિભાગ પાસેથી.

**D** જાહેર બાંધકામ ખાતા પાસેથી.

**72 નીચેના પૈકી કઈ સેવા રાજ્ય સેવા છે?**

**A** અખિલ ભારતીય સેવા

**B** વર્ગ-૧ અને વર્ગ-૨ તરીકે વર્ગીકૃત કરેલ સેવા અને જગ્યાઓ

**C** ઉપરના (A) અને (B) બંને

**D** ઉપરના પૈકી એકેય નહીં

**73 ઉપાડ અધિકારીએ છેલ્લા ૬ માસમાં ઉપાડેલ ઊચક બિલ(તારીજ બિલ)ના વિગતવાર બિલ તૈયાર કરીને એ.જી.કચેરી કે નિયંત્રણ અધિકારીને મોકલેલ નથી છંતા વધુ એક ઊચક બિલ તિજોરી કચેરીમાં રજૂ કરે છે.તિજોરી અધિકારી બિલ પાસ કરશે?**

**A** તિજોરી અધિકારી બિલ પાસ કરશે

**B** તિજોરી અધિકારી બિલ ખાતાના વડાને મોકલી આપશે

**C** તિજોરી અધિકારી બિલ પાસ કરશે નહીં

**D** રૂ.૫ લાખ સુધીનું બિલ પાસ થઈ શકે

**74 કોઈ વ્યક્તિએ ત્રાહિત પક્ષકારને લગતી માહિતી મેળવવા વિનંતી કરેલ હોય ત્યારે જાહેર માહિતી અધિકારીએ અરજી મળ્યાની તારીખથી કેટલા દિવસમાં તે અંગે નિર્નય લેવાનો રહે છે?**

**A** દસ દિવસ

**B** વીસ દિવસ

**C** ત્રીસ દિવસ

**D** ચાળીસ દિવસ

**75 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચેનામાંથી કોને લાગુ પડે છે?**

**A** અખિલ ભારતીય સેવાના અધિકારીઓને

**B** ગુજરાત સરકારના કામકાજને લગતી રાજ્ય સેવાઓ અને જગ્યાઓ પરના અધિકારીઓ અને કર્મચારીઓને

**C** પોલીસ દળના નીચલી પાયરીના કર્મચારીઓને

**D** ઉપરના બધાય ને

**76 Medical Reimbursement Bill દવા વળતરનું બિલ ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે?**

**A** Form GT.R29માં.

**B** Form GT.R30માં.

**C** Form GT.R૪૪માં

**D** Form GT.R૪૫માં

**77 મજૂર અધિકારીશ્રી ટેલિફોન બિલની ચુકવણી પસ્તીના વેચાણની આવકમાંથી કરવા હુકમ કરે છે, હુકમ યોગ્ય છે?**

**A** આવકનો ઉપયોગ ખર્ચ કરવા માટે ન કરવો જોઇએ.

**B** ટેલિફોન બિલની રકમ રૂ.૨૦૦૦થી ઓછી હોયતો પસ્તીના વેચાણની આવકમાંથી ખર્ચ કરી શકાય.

**C** આ માટે નિયંત્રણ અધિકારીશ્રીના હુકમો મેળવવા જોઇએ.

**D** હુકમ યોગ્ય છે.

**78 નીચેના પૈકી કઈ બાબત શિસ્તભંગ ગણાશે?**

**A** સરકારી કામકાજ રહેતું હોય તેવા વ્યક્તિ સાથે સક્ષમ સત્તાધિકારીની પૂર્વમંજૂરી સિવાય સ્થાવર મિલકતની લે-વેચ કરવી.

**B** દર વર્ષે સ્થાવર-જંગમ મિલકતની ખરીદ્ના પત્રકો રજુ કરવા.

**C** નિયત નાણાકીય મર્યાદા કરતાં વધુ રકમની જંગમની મિલકતના વ્યવહારની સક્ષમ સત્તાધિકારીને જાણ કરવી.

**D** ઉપરના પૈકી એકેય નહિ.

**79 તાત્કાલિક આવશ્યકતા ન હોવા છંતા ગ્રાૅન્ટ રદ ન થાય તે માટે રૂ.૭ લાખની રકમનું ઊચક બિલ(તારીજ બિલ) ઉપાડ અધિકારીશ્રી દ્વારા તિજોરીમાં રજૂ કરવામાં આવે છે, તિજોરી અધિકારી બિલ પાસ કરશે?**

**A** ખાસ કિસ્સા તરીકે તિજોરી અધિકારી બિલ પાસ કરશે.

**B** તાત્કાલિક ખર્ચ કરવાની જરૂરિયાત હોય ત્યારેજ બિલ રજૂ કરી શકાય.

**C** ખાતાના વડાની ભલામણથી બિલ પાસ

**D** રૂ.૧ લાખથી ઓછી રકમનું બિલ હોય તો

કરી શકાય. બિલ પાસ થઈ શકે

**80 "આકસ્મિક ખર્ચનું રજિસ્ટર" કચેરીના વડા અને ગેઝેટેડ અધિકારીની ગેરહાજરીમાં બિન રાજપત્રિત કર્મચારીને આ રજિસ્ટર રીવ્યું કરવાની જવાબદારી સોંપી શકાય?**

**A** ૨૦ વર્ષના અનુભવી કર્મચારીને આ જવાબદારી સોંપી શકાય.

**B** કચેરીના વડા માંદગીની રજા ઉપર હોય ત્યારેજ સોંપી શકાય.

**C** ન સોંપી શકાય.

**D** હા,સોંપી શકાય.

**81 બાતમીદારોને ઇનામ(Reward to informers)ના બિલમાં બાતમીદારોના નામ દર્શાવ્યા સિવાય "ચુકવણી કરવામાં આવી છે" તેવું ચુકવણી અધિકારીનું પ્રમાણપત્ર બિલ સાથે રાખીને એ.જી. કચેરીને હિસાબ આપી શકાય?**

**A** ના, નામ દર્શાવવા જરૂરી છે.

**B** ખોટા નામ પણ દર્શાવવા જરૂરી છે.

**C** તિજોરી અધિકારીને મૌખિક રીતે નામ જણાવવા જોઇએ.

**D** હા, હિસાબ આપી શકાય.

**82 ગુજરાત ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ,૧૯૬૭ અન્વયે સબોર્ડીનેટ સેવા એટલે?**

**A** વર્ગ-૧ તરીકે વર્ગીકૃત કરેલ સેવા અને જગ્યાઓ

**B** વર્ગ-૨ તરીકે વર્ગીકૃત કરેલ સેવા અને જગ્યાઓ

**C** વર્ગ-૩ તરીકે વર્ગીકૃત કરેલ સેવા અને જગ્યાઓ

**D** વર્ગ-૪ તરીકે વર્ગીકૃત કરેલ સેવા અને જગ્યાઓ

**83 નીચેની કઈ વસ્તુનો સમાવેશ "ફર્નિચરની વસ્તુઓ" માં થશે?**

**A** કચેરીનું વાહન.

**B** કમ્પ્યુટર

**C** સાઇકલ

**D** લોખંડનાં કબાટો

**84 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ અનુસાર નીચેના પૈકી કયા હુકમ સામે અપીલ થઈ શકતી નથી?**

**A** ફરજ મોકુફીના હુકમ સામે

**B** શિક્ષાના હુકમ સામે

**C** તપાસ અધિકારીના હુકમ સામે

**D** ઉપરના પૈકી એકેય નહિ.

**85 પેન્શન પાત્ર વર્ગ-૪ના પગાર અને ભથ્થાં આકસ્મિક ખર્ચના બિલમાં આકારી શકાય?**

**A** હા,આકારી શકાય.

**B** ખાતાના વડા ખાસ કિસ્સામાં મંજૂરી આપેતો આકારી શકે

**C** સરકારી કર્મચારીની નોકરી ૧૦વર્ષ કે તેથી વધુ હોય તો આકારી શકે.

**D** ન, આકારી શકે.

**86 નાણાકીય વર્ષ ક્યારે પૂરું થાય છે?**

A ૩૦મી જૂને
B ૩૧મી ડિસેમ્બરે
C ૩૧મી માર્ચે
D આસો વદ અમાસના દિવસે(દિવાળીએ)

**87 સરકારી કર્મચારીને નીચેની શિક્ષાઓ પૈકી કઈ શિક્ષા થાય તો તે ભવિષ્યમાં સરકારી નોકરી માટે ગેરલાયક ઠરે છે?**

A સરકારી સેવામાંથી રૂખસદ
B સરકારી સેવામાંથી ફરજિયાત નિવૃત્તિ
C સરકારી સેવામાંથી બરતરફ
D ઉપરની શિક્ષામાંથી કોઈપણ શિક્ષા

**88 બિન સરકારી નાણા ક્યાં જમા કરવાના રહે છે?**

A કચેરીના વડાના અંગત બેંક ખાતામાં.
B એક્ત્રિત ફંડમાં
C જાહેર હિસાબમાં
D નગર પંચાયતના બેંક ખાતામાં.

**89 નીચેનામાંથી કઈ બાબતનો "હડતાલ"માં સમાવેશ થાય છે?**

A સરકારી કર્મચારીઓના મંડળની સભામાં ભાગ લેવો
B કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કરવો
C કચેરીમાં હાજરી આપવી પણ સામૂહિક સમજથી કામ નહિ કરવું.
D નિવૃત્ત થતા અધિકારીના વિદાય સમારંભમાં ભાગ લેવો.

**90 સરકારી કર્મચારી તરીકે દૈનિક ૧૫ કેસો રજુ કરવાને બદલે ઓછા કેસો રજુ કરવાના પરિણામે તેના તેબલ પર પડતર કાગળોનો ભરાવો થાય છે તો તે કર્મચારી નીચેના પૈકી કઈ બાબત માટે જવાબદાર ગણાય?**

A કામગીરીમાં ઝડપનો અભાવ
B કર્મચારીને ન છાજે તેવું વર્તન
C ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ
D પ્રામાણિકતાનો અભાવ

**91 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમોના નિયમ-૨૪ અન્વયે સરકારના હુકમોની પુનર્વિચારણા ક્યારે કરી શકાય?**

A શિક્ષાનું પ્રમાણ વધારે હોય ત્યારે
B શિક્ષાનું પ્રમાણ વધારવાનું જરૂરી જણાય તો
C આક્ષેપિતને બચાવની વાજબી અને પુરતી તક આપેલ ન હોવાનું જણાઈ આવે તો
D તકેદારી આયોગની ભલામણ હોય તો

**92 આકસ્મિક ખર્ચના બિલનો વટાઉ ખત (Negotiable Instrument) તરીકે ઉપયોગ થઈ શકે?**

A હા,થઈ શકે.
B બેંન્કીગ તિજોરીમાં થઈ શકે.
C ના,ન  થઈ શકે.
D ખાસ આકસ્મિક ખર્ચમાં થઈ શકે.

**93 કોઈ પણ સેવા કે જગ્યા ઉપર સીધી ભરતીથી નિમણૂંક માટે નીચેના પૈકી કઈ બાબત આવશ્યક નથી?**

**A** શારિરીક યોગ્યતા
**B** પ્રવરતા
**C** સારા ચારિત્ર્યનો પુરાવો
**D** ભારતના નાગરિકત્વની શરતો

**94 પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય ત્યારે બંનેને વાહન પેશગી મળી શકે છે?**

**A** હા
**B** બે માંથી એકનેજ મળવાપાત્ર થશે
**C** બંનેને ૫૦%-૫૦% મળી શકે
**D** કોઇને પણ ન મળી શકે

**95 ભષ્ટાચાર નિવારણ અધિનિયમ -૧૯૮૮ હેઠળના ગુનામાં મદદગારી કરવા બદલ કેટલી સજાની જોગવાઈ છે?**

**A** ત્રણ વર્ષ સુધીની કેદ
**B** સાત વર્ષ સુધીની કેદ
**C** ત્રણ વર્ષથી સાત વર્ષ સુધીની કેદ અને ફંડ
**D** ત્રણ વર્ષથી સાત વર્ષ સુધીની કેદ

**96 પગાર ભથ્થાં કે આકસ્મિક ખર્ચ વધુ આકારેલ હોય ત્યારે કોણ જવાબદાર છે?**

**A** ગ્રાન્ટ મંજૂર કરનાર અધિકારી
**B** બેંકના અધિકારી
**C** બિલ આકારનાર અધિકારી
**D** નાણા વિભાગ

**97 સરકારી કર્મચારી સામે ફોજદારી કાર્યવાહી ચાલુ હોય ત્યારે તે જ બાબતે તેની સામે ખાતાકીય તપાસ કરી શકાય?**

**A** ખાતાકીય તપાસ ન કરી શકાય
**B** ખાતાકીય તપાસ કરી શકાય
**C** ફોજદારી કાર્યવાહી પુરી થયા પછી જ ખાતાકીય તપાસ કરી શકાય
**D** ફોજદારી કેસમાં સરકારી કર્મચારી નિર્દોષ જાહેર થાય તો જ કરી શકાય.

**98 સરકારી કર્મચારી તેને બજાવેલ આરોપનામા અન્વયે તેનું બચાવનામું રજુ ન કરે તો શિસ્ત અધિકારીએ નીચેના પૈકી કઈ કાર્યવાહી કરવાની રહે?**

**A** આરોપો સાબિત રહેતા હોવાનું આક્ષેપિત અધિકારીને જણાવવું
**B** બચાવનામું રજુ નહીં કરવા બદલ સરકારી કર્મચારીને શો કોઝ નીટીસ પાઠવવી
**C** ખાતાકીય તપાસની પ્રક્રિયા અનુસરવા માટે તપાસ અધિકારીની નિમણૂંક કરવી
**D** આરોપો સાબિત ગણી શિક્ષાનો હુકમ કરવો.

**99 મકાન પેશગી કોણ મંજૂર કરી શકે?**

**A** ખાતાના વડા અથવા પ્રાદેશિક વડા
**B** બેંક મનેજર
**C** કચેરીના વડા
**D** કેશિયર

**100 વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થાં નો ખર્ચ મતપાત્ર ગણાય?**

**A** ન ગણાય, બિન મતપાત્ર ખર્ચ છે.

**B** રાજ્યપાલશ્રીની મંજૂરી હોય તોજ ગણાય.

**C** આ ખર્ચ મતપાત્ર ગણાય.

**D** નાણા વિભાગ બજેટમાં જોગવાઇ કરે તોજ ગણાય.

*********